॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

બહુજન હિતાય · બહુજન સુખાય



'યોગ'ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ'બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

# વિશ્વશાંતિ અર્થે અગિયાર કરોડ મંત્રજાપ

– ભૌમિક વ્યાસ

"......આટઆટલાં વર્ષો સુધી તમે અમારા ઉપર માંગ્યા વગર જ ભેટોનો વરસાદ વરસાવ્યો છે. કેટલાંય વસ્ત્રો, મીઠાઈઓ, ફળોના કરંડિયા અને શું શું... અને આજે જ્યારે અમે સામેથી તમારી પાસે માંગી રહ્યા છીએ ત્યારે તમે અમને નિરાશ કરશો ? એવું અમે મનમાં વિચારી જ રહ્યા હતા ત્યાં અમારા વગર બોલ્યે જ અમારા મનની વાત કનુભાઇ સુધી પહોંચી ગઇ અને તેમનો સંદેશો મળ્યો કે બાકી રહેલા ચાળીસ લાખ અમારા તરફથી......"

તા. ૨૮-૧૦-૮૬, આસો વદ દસમના શુભ દિવસે 'ધર્મમેઘ'ના ઉંબરે પ્રથમ વાર પગ મૂકનારે સામે મૂકેલું 'ગુરુજીના ચરણોમાં રૂપિયા-પૈસાની ભેટ મૂકવી નહીં......" પાટિયું વાંચતાં વાંચતાં ગુરુજીની ઉપરોક્ત અમૃતવાણી સાંભળી હોય તો તેને પાટિયાની અધૂરી વાંચેલી સૂચના અને ગુરુજીની વાણીમાં વિરોધાભાસ જ લાગે પરંતુ અડધો અડધો ફૂટની લંબાઈના અક્ષરોમાં લખેલું બાકીનું લખાણ વાંચીને ઝડપથી ગુરુજીના પગમાં માથું નમાવી પાસે બેસીને માઇક ઉપર આ લાખોની જાહેરાત કરતા ભાઈને "પાંચ લાખ અમારા તરફથી" કહેતા એક ભાઈને જોયાનો હું સાક્ષી છું. દર વર્ષની માફક આ વર્ષે પણ આકંઠ આધ્યાત્મિક હર્ષોલ્લાસથી ઊજવાયેલી ઓમ્ જયંતીના પ્રસંગે હાજર રહેનાર સર્વે ગુરુબંધુ-ભગિનીઓને ગુરુજીના ચરણોમાં સ્થૂળ ભેટ મૂકવાની ફરમાવાયેલી નમ્ર મનાઈને કારણે કદાચ થોડી ક્ષોભની લાગણી થઇ હશે, પરંતુ પાટિયાની બાકીની સૂચના "......ભેટ મૂકવા ઇચ્છુક સર્વેએ વિશ્વશાંતિ અર્થે 'ઓમ્ ગુરુ ઓમ્'ના મંત્રોની ભેટ મૂકવી." વાંચીને ગુરુજીની ઝોળી છલકાવી દેવા માટે 'ઓમ્ પરિવાર'માં જે આધ્યાત્મિક ઉછાળો જોવા મળ્યો તે શબ્દાતીત છે.

આસો વદ દસમની તિથિને 'ઓમ્ પરિવાર' પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના જન્મદિન નિમિત્તે 'ઓમ્ ગુરુદેવ-જયંતી' તરીકે ઊજવે છે તે વાતની આ પત્રિકાના વાંચન દ્વારા ઓમ્ પરિવારના પરોક્ષ પરિવારજનોને જાણ હશે જ. આ વખતે ઓમ્જયંતીના પ્રસંગે ગુરુજીએ વિશ્વશાંતિ અર્થે ઉપસ્થિત મુમુક્ષુઓ સમક્ષ ચાર કરોડ ઓમ્ ગુરુ ઓમ્'ના મંત્રોની ટહેલ નાખી હતી અને "બાકીના ચાળીસ લાખ અમારા તરફથી" એવો કનુભાઈનો સંદેશો મળ્યો ત્યારે બોલાયેલા મંત્રોની સંખ્યા અગિયાર કરોડની થઈ હતી. 'ધર્મમેઘ'ના ખચોખચ ભરાયેલા પ્રાંગણમાંથી એક પછી એક સૌ માઇક પાસે આવી ભેટમાં મૂકવાના મંત્રોની સંખ્યા જણાવતા હતા. એક નાની બાળકીને આંગળીએ વળગાડી માઇક પાસે આવેલાં એક બહેને તેમની ભેટ જાહેર કરી "પાંચ લાખ". સાડલાનો છેડો પકડીને ઊભેલી બાળકીને લઇને ઝડપથી પાછાં ફરતાં હતાં ત્યાં સાડલાનો છેડો ખેંચાયો. માઇક પાસે ઊભેલી એ બાળકી મંત્રો જાહેર કરતા ભાઈને કહેતી હતી 'મારા પાંચ હજાર". અને આમ આબાલવૃદ્ધ સૌ દ્વારા મળેલી અગિયાર કરોડની ભેટનો જાણે બદલો વાળતા હોય તેમ ગુરુજીએ તેમના આશીર્વચનમાં 'સમતા-વિષમતા'ને સમજાવતા અગિયાર પ્રસંગો કહ્યા ત્યારે એમ લાગ્યું કે અડધા કલાકના સમયમાં અગિયાર કરોડ મંત્ર બોલનારાઓ ગુરુજીના આધ્યાત્મિક દેવામાં ડૂબેલા છે.

વૃત્તિઓને આધીન સરેરાશ મનુષ્યોના જીવનની લૌકિક વિષમતાઓ પાછળ રહેલો તેમના કર્મની ગતિનો દોરીસંચાર, જેઓ પોતે પણ વૃત્તિઓને આધીન છે તે મનુષ્યો સમજી જ ક્યાંથી શકે ? સ્થૂળ નજરે દેખાતી એ વિષમતાઓ અને સામાજિક કે વ્યક્તિગત અન્યાય પાછળ રહેલી પરમતત્ત્વની સૂક્ષ્મ સમતા તથા ઈશ્વરીય ન્યાયનું રહસ્ય મહાન વિભૂતિઓ જ પામી શકે છે. આ સમતા અને વિષમતાનો ભેદ સમજાવતાં ગુરુજીએ કહેલા અગિયાર પ્રસંગો, ગુરુજીના ચરણે શ્રદ્ધાથી ભેટ ધરવા આવેલા સર્વેને અનેકગણી થઈ પાછી મળેલી મહામૂલી ભેટ છે. તે પ્રસંગોની ગહનતાને સમજી સાચી સમજ કેળવવી એ જ કદાચ આધ્યાત્મિક દેવું ઉતારવાનો એક સાચો રસ્તો છે.

// ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજન હિતાય-બહુજન સુખાય)

અંક : ૪ વર્ષ : ૩ માનદ્ તંત્રી : નૈષધ વ્યાસ

## તંત્રીસ્થાનેથી

તા. ૧૩-૧૦-૮૬ ને સોમવારના રોજ "ગુજરાત સમાચાર" દૈનિકના "કભીકભી" કોલમમાં, શ્રી દેવેન્દ્રભાઈ પટેલે પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેની મુલાકાતનો સંક્ષિપ્ત ભાગ પ્રગટ કર્યો. આ પ્રેરણાદાયી લેખ વાંચીને જાણ્યા-અજાણ્યા ઘણા જિજ્ઞાસુઓના પત્રો આવ્યા, ફોન આવ્યા, તેમાંના કેટલાક તો રૂબરૂ આવી ગયા. આ લેખ પ્રગટ થયા પછી લગભગ એક માસ સુધી જિજ્ઞાસુઓની, સાધકોની, દર્શનાર્થીઓની અવરજવર ખૂબ વધી ગઈ. સૌના મનની એક જ ઇચ્છા હતી; અજાણ્યા હતા તેમને હજુ કાંઈક વધુ જાણવું હતું, જાણીતાઓને લેખમાંનું લખાણ ઓછું પડયું હતું; આમ સૌને શ્રી દેવેન્દ્ર પટેલની મુલાકાત અને તે દરમ્યાન થયેલ પ્રશ્નોત્તરી વિષે કાંઈક વધુ જાણવાની ઉત્કંઠા હતી. પત્રો દ્વારા અને રૂબરૂ સંપર્ક સાધનારાઓમાં 'ઋતમ્ભરા'ના વાચકો પણ હતા.

તો, આપ સૌની આતુરતાના યોગ્ય પ્રત્યુત્તર રૂપે આ અંકમાં શ્રી દેવેન્દ્ર પટેલની પૂજ્યશ્રી સાથેની મુલાકાત અને તે દરમ્યાન થયેલ પ્રશ્નોત્તરીને "આખિર સંતકા સંત" શીર્ષક હેઠળ આવરી લેવામાં આવી છે. આવા પ્રેરણાદાયી ઉત્તરો રજૂ કરવાનું કાર્ય અમારું છે અને તેને ધ્યાનપૂર્વક વાંચવાનું કામ આપ સૌનું છે. અસ્તુ.

**: લવાજમના દર :**

| | | |
|---|---|---|
| વાર્ષિક સભ્ય | (ભારતમાં) | રૂા. ૭-૦૦ |
| આજીવન સભ્ય | ,, | રૂા. ૨૦૦-૦૦ |
| વાર્ષિક સભ્ય | (પરદેશમાં) | ૭ ડોલર |
| આજીવન સભ્ય | ,, | ૨૦૦ ડોલર |

લવાજમ મનીઓર્ડર દ્વારા અથવા ચેક દ્વારા મોકલશો; સાથે આપનું પૂરું સરનામું મોકલશો.

# મુક્તા
## (પાતંજલ યોગદર્શન-સમાધિપાદ)

– યોગભિક્ષુ

[ પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી દ્વારા આલેખાયેલ 'મુક્તા' પુસ્તકમાંથી સાભાર ]

પાતંજલ યોગદર્શનના સમાધિપાદના સત્તરમા સૂત્રમાં સંપ્રજ્ઞાત સમાધિના – વિતર્ક, વિચાર, આનંદ અને અસ્મિતા – એમ કુલ ચાર ભેદ વર્ણવ્યા. સાથે સાથે યોગદર્શનના ચાર પાદની – સમાધિપાદ, સાધનપાદ, વિભૂતિપાદ અને કૈવલ્યપાદની – ચર્ચા કરી અને ચાર પ્રકારના સિદ્ધ પુરુષો વિષે સમજ્યા. સ્વયંસિદ્ધ પુરુષની અને સ્વયંસિદ્ધિ વિષેની વાતોને પણ વિગતવાર સમજ્યા. હવે અઢારમા સૂત્રને સમજીએ.

**વિરામપ્રત્યયાભ્યાસપૂર્વઃ સંસ્કારશેષોઽન્યઃ ॥૧૮॥**

**ભાવાર્થ** : વિરામના જ્ઞાનનો પૂર્વનો અભ્યાસ કરતાં કરતાં, માત્ર તેના સંસ્કાર બચી રહે તેને અન્ય (અસંપ્રજ્ઞાત) કહે છે.

**વિસ્તાર** : ચાર પ્રકારની સમાધિઓનો સમાવેશ થયો સંપ્રજ્ઞાત સમાધિમાં અને તેનાથી જે બીજી છે તેના માટે શબ્દ છે અસંપ્રજ્ઞાત. આ જગ્યાએ કંઈ 'અસંપ્રજ્ઞાત' એવું નામ નથી આવતું. આમાં તો શબ્દ છે 'અન્ય'. આગળ જે ચાર કહેવામાં આવી તે સંપ્રજ્ઞાત અને ત્યાર પછી જે કહેવામાં આવે છે તે 'અન્ય' એટલે કે સંપ્રજ્ઞાતથી બીજી એટલે કે અસં-પ્રજ્ઞાત. અસંપ્રજ્ઞાત નામ આપણે આપી દેવાનું. આ તો યોગની ભાષા. આ તો સૂત્રાત્મક ભાષા. **જેટલા બની શકે તેટલા ઓછામાં ઓછા અક્ષરોમાં અને શબ્દોમાં ઘણું બધું કહી નાખવું, વધુમાં વધુ કલ્યાણકારી કહી નાખવું તેનું નામ 'સૂત્ર'.**

### સૂત્ર કોને કહેવાય ?

જેને આપણે ગુજરાતીમાં સૂતર કહીએ છીએ તેને સંસ્કૃતમાં સૂત્ર કહેવામાં આવે છે. સૂત્રની સીધીસાદી વ્યાખ્યા કરવી હોય તો એમ કહી શકાય કે ગાગરમાં સાગરને સમાવી લેવો. ઓછામાં ઓછા અક્ષરો અને શબ્દોમાં વધુમાં વધુ અર્થને સમાવી લે અને તે અર્થ, સાંભળનારા માટે અતિ કલ્યાણકારી હોય તે સૂત્ર.

તેને આપણે જરા વધુ સમજીએ. સૂત્ર=સૂતર. સૂતર કોને કહેવામાં આવે છે ? માળામાં જે સૂતર રહેલું છે તે સૂતરના આધારે જ બધા મણકાઓ રહેલા છે. તે સૂતર આપણને દેખાય છે ? ના, છતાં એકસો આઠ મણકાઓ તેના આધારે રહ્યા છે. તે સૂતર તો અંતર્નિહિત છે – છુપાયેલું છે પરંતુ બધા જ મણકાઓને ધારણ કરી રહ્યું છે. તે સૂતર અતિ સૂક્ષ્મ સ્વરૂપમાં છે. માળાના મણકા કેટલા મોટા મોટા હોય છે ! રુદ્રાક્ષનો એક મણકો મોટા બોર જેવડો હોય છે; એવા એકસો આઠ મણકાને ભેગા કરીએ તો કેટલી જગ્યા રોકે, કેટલું મોટું કદ થાય ! પરંતુ એકસો આઠ મણકાઓને ધારણ કરનાર સૂતર કેટલું સૂક્ષ્મ અને કેટલું પાતળું હોય છે ! કેટલી થોડી જગ્યા રોકે છે ! છતાંય એ બધા મણકાઓને ધારણ કરી રાખે છે. પોતે સૂક્ષ્મ અને પાતળું હોવા છતાં ઘણા સ્થૂળ અને મોટા કદના મણકાઓને ધારણ કરી રાખે છે અને સુવ્યવસ્થિત રાખે છે અને ત્યારે જ આપણે માળાનો ઉપયોગ કરી શકીએ છીએ. પોતાના સ્વરૂપનું પ્રદર્શન કર્યા સિવાય એ સૂતર મણકાઓને

ધારણ કરી રાખે છે. ત્યારે જ એ માળા ઉપયોગી બની શકે છે; એ મણકાઓનો સદ્ઉપયોગ કરી શકીએ છીએ. એ બધો જ આભાર અને યશ તેમાં છુપાયેલા સૂતરને છે.

આ યોગદર્શન અને બીજાં દર્શનો અને શાસ્ત્રો સૂત્રોમાં કહેવાયેલાં છે; સૂત્રોમાં ચર્ચાયેલાં અને સંબોધાયેલાં છે. એ સૂત્રોમાં શા માટે છે ? થોડામાં ઘણું બધું આપણને ભેટ–પ્રસાદી–બક્ષિશ રૂપે આપી દેવાનું છે તેથી. ઘણું બધું આપી દેવા માટે જો ઘણા મોટા કલેવરનું શાસ્ત્ર થાય તો ક્યારે વાંચી અને સમજી લઈએ ? માટે સૂત્રની ભાષા છે. શક્ય હોય એટલું નાનું અને એમાં શક્ય હોય એટલો વિશાળ અને કલ્યાણકારી અર્થ ભરી દેવાનો. તેથી એની વ્યાખ્યામાં આપણે ઉપમા આપી ગાગરમાં સાગરની. એક નાના ઘડામાં આખો સાગર સમાવી દેવો. આ સૂત્રરૂપી ઘડામાં, ગંભીર અને કલ્યાણકારી અર્થ રૂપી આખો સાગર ઠાલવી દીધો છે–સમાવી દીધો છે.

'અન્ય' તે સૂત્રની ભાષા છે. સંપ્રજ્ઞાત અને અન્ય એટલે અસંપ્રજ્ઞાત. કારણકે શબ્દોનો અને અક્ષરોનો બચાવ કરવાનો છે તેથી અસંપ્રજ્ઞાત ન કહેતાં 'અન્ય' કહ્યું.

અભ્યાસ કરતાં કરતાં તમામ વૃત્તિઓનો વિરામ કરી દેવાનો. જે વૃત્તિઓ આપણને કનડતી હતી અને ત્રાસ આપતી હતી, જે આપણને સદા સામાન્ય સંસારી બનાવી રાખતી હતી, તેનો અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા એવો નિરોધ થઈ જાય કે સંસ્કારમાત્ર શેષ રહે. એ વૃત્તિઓને વિરામ પમાડી દીધા પછી. તેને વિરામ પમાડવાનું જે જ્ઞાન (એ વૃત્તિઓને કઈ રીતે વિરામ પમાડી દેવી તેની પણ એક અંતરસૂઝ પ્રગટે છે. એ અંતરસૂઝ વિરામ પામવાનું અને પમાડવાનું જે જ્ઞાન) તે જ્ઞાન પણ અભ્યાસ કરતાં કરતાં કેવળ સંસ્કારરૂપે રહી જાય છે. **પહેલાં વૃત્તિઓ હતી, પછી તેનો વિરામ થવા લાગ્યો. જે અનંતાગ્ર હતી તે એકાગ્ર થઈ અને પછી નિરોધ થઈને વિરામ પામવા લાગી. વિરામ કઈ રીતે પમાડવી તેનું જે જ્ઞાન તે જ્ઞાન પણ અભ્યાસ કરતાં કરતાં છેવટે કેવળ સંસ્કારરૂપે રહી ગયું. વિરામનો અભ્યાસ કરતાં કરતાં જ્યારે ફક્ત સંસ્કારરૂપે જ રહી ગઈ ત્યારે તે સ્થિતિને પતંજલિમુનિએ નામ આપ્યું 'અસંપ્રજ્ઞાત'.**

જે સ્થિતિમાં વિરામનું જ્ઞાન અને તે જ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં કેવળ સંસ્કાર માત્ર શેષ રહી જાય; સંસ્કાર માત્ર જ બચી રહે તેવી સ્થિતિને અસંપ્રજ્ઞાત સમાધિ કહેવામાં આવે છે.

આ રીતે સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત સમાધિને સમજવાનો પ્રયત્ન કર્યો. આવી અસંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત થઇ હોય તેવા ભાગ્યશાળી કોણ છે ? તેના માટે ઓગણીસમું સૂત્ર છે.

**ભવપ્રત્યયો વિદેહપ્રકૃતિલયાનામ્ ॥૧૯॥**

**ભાવાર્થ** : જન્મથી જ આવું જ્ઞાન પ્રાપ્ત છે અને જેઓ વિદેહી અને પ્રકૃતિલયીની જેમ જીવે છે.

**વિસ્તાર** : ભવ એટલે જન્મ. આપણે કહીએ છીએ ને કે જંજાળમાં ને જંજાળમાં મારો તો આખો ભવ બગડી ગયો. હું કાંઈ કરી જ ન શક્યો, આગલા ભવનું ભાથું. ભવ એટલે જન્મ અને પ્રત્યય એટલે જ્ઞાન. ભવપ્રત્યયો એટલે જન્મથી જ જ્ઞાન પ્રાપ્ત. શાનું જ્ઞાન ? અસંપ્રજ્ઞાત સમાધિનું.

કોઇ કોઇ તો જન્મતાંની સાથે જ અસંપ્રજ્ઞાત સમાધિનું–અસંપ્રજ્ઞાત યોગનું જ્ઞાન લઈને આવે છે. જન્મતાંની સાથે જ તેને અસંપ્રજ્ઞાત યોગ પ્રાપ્ત હોય છે; અસંપ્રજ્ઞાત સમાધિ સિદ્ધ હોય છે. તેણે આગળના અનેક જન્મોમાં તેનો અભ્યાસ કરેલો હતો પરંતુ જન્મ પ્રાપ્ત કરવો પડે એવું એકાદ કોઇ કારણ બાકી રહી ગયું હતું. જન્મ તો તેણે પ્રાપ્ત કર્યો પરંતુ આગળના અભ્યાસ પ્રમાણે તેણે જે અસંપ્રજ્ઞાત યોગની સમાધિ

પ્રાપ્ત કરેલી હતી તેનું જ્ઞાન સાથે જ આવ્યું તેથી તેને તે જ્ઞાન જન્મથી જ હતું. તેવા યોગીઓ કે જે જન્મથી જ અસંપ્રજ્ઞાત સમાધિ–યોગ સાથે લઈને આવે છે તેમનું જીવન અને તેમની સ્થિતિ કેવી હોય છે ? તેઓ કઇ રીતે જીવતા હશે ? તેઓ વિદેહી અને પ્રકૃતિલયીની જેમ જીવે છે.

જન્મથી જ જેને અસંપ્રજ્ઞાત યોગ સિદ્ધ છે તેમનું જીવન પ્રકૃતિમાં લય પામી ગયેલા મહાપુરુષો જેવું હોય છે. વિદેહ અવસ્થા જેણે સિદ્ધ કરી છે, વિદેહની જેને પ્રાપ્તિ થઇ ગઇ છે એમનું જીવન જેવા પ્રકારનું હોય છે; તેવું જીવન, જન્મથી અસંપ્રજ્ઞાત યોગ જેને પ્રાપ્ત છે તેનું હોય છે.

વિદેહ એટલે વિના દેહ. જેમ દેહ સિવાય વર્તતો હોય, તે રીતે તે વર્તતો હોય છે. અને વિદેહ એટલે વિશેષ દેહ. 'વિ'નો એક અર્થ વિના અને બીજો અર્થ વિશેષ. તેથી વિદેહનો અર્થ થયો દેહ વિનાનો અને વિશેષ દેહવાળો. આપણા જે દેહ છે તે સામાન્ય દેહ, આપણા પંચમહાભૂતનાં શરીર–દેહ તે સામાન્ય દેહ પરંતુ જેણે જન્મથી જ અસંપ્રજ્ઞાત યોગ પ્રાપ્ત કરેલો છે તેનો દેહ–શરીર તે વિશેષ દેહ. તેથી તેમની જીવવાની પદ્ધતિ પણ વિશેષ પ્રકારની હશે. આપણે જે રીતે દેહનું લાલનપાલન કરીએ છીએ, આપણે જે રીતે દેહથી અસંયમી જીવન વ્યતીત કરીએ છીએ તેવું તેમનું નહીં હોય. તેમની તો બચપણ, યુવા અને વૃદ્ધ અવસ્થા વિશેષ પ્રકારની હશે. સામાન્ય મનુષ્ય જે રીતે જીવતો હશે તેનાથી તેઓ કાંઇક વિશેષ–વિશિષ્ટ રીતે જીવતા હશે. રામાયણમાં આવતું જનક રાજાનું પાત્ર તે આ વાતનું મુખ્ય દૃષ્ટાંત છે. જનક રાજાને–સીતાજીના પિતાને બધા વિદેહી તરીકે ઓળખતા. **તો આમ, વિદેહ એટલે દેહરહિત નહીં, પરંતુ વિશેષ પ્રકારથી જીવવું તે.** મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે તો પંચમહાભૂતનું શરીર તો છે જ પરંતુ આગળના અનેક જન્મોમાં અસંપ્રજ્ઞાત સમાધિ–યોગનો અભ્યાસ કરેલો છે તેથી આ જન્મમાં તે જ્ઞાન સાથે જ આવેલું છે અને તેથી જન્મતાંની સાથે જ તે મનુષ્ય, તે યોગી પ્રકૃતિમાં લય પામી ગયેલા મહાપુરુષો જેવું જીવન જીવતા હોય છે, વિદેહી કહેવાતા હોય છે, સામાન્ય મનુષ્ય કરતાં તેઓ પોતાનું જીવન વિશિષ્ટ રીતે જીવતા હોય છે.

તો, અસંપ્રજ્ઞાત સમાધિ કોને પ્રાપ્ત છે ? જેઓ જન્મથી જ પ્રાપ્ત કરીને આવે છે તેને. આ સિવાયના બીજાઓને માટે અસંપ્રજ્ઞાત સમાધિ પ્રાપ્ત કરવાનો ઉપાય વીસમા સૂત્રમાં આપ્યો છે જે આવતા અંકે સમજીશું.

(ક્રમશ:)

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેનાં સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.

– તંત્રી

સભ્યો અને આજીવન સભ્યો નોંધવાનો પ્રયત્ન કરવો એપણ એક ગુરુસેવાનો પ્રકાર જ છે.

# ....આખિર સંતકા સંત

## (એક મુલાકાત - કટાર લેખક શ્રી દેવેન્દ્ર પટેલ સાથે)

સંકલન : નૈષધ વ્યાસ

"ગુજરાત સમાચાર" દૈનિકના "કભી કભી"ના કટાર લેખક, પરમ જિજ્ઞાસુ શ્રી દેવેન્દ્રભાઈ પટેલે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની મુલાકાત લીધેલી. તે વખતે ખાસ્સી એવી પ્રશ્નોત્તરી થયેલી તેમાંથી અતિ સંક્ષિપ્તમાં તા. ૧૩-૧૦-૮૯ના ગુ. સમાચારમાં વિગત આવેલી. જિજ્ઞાસુઓને તેમાં ખૂબ રસ પડ્યો અને તેના વિષે વધુ જાણવાની માગણીઓ થઈ. તેથી તે પ્રશ્નોત્તર યથાશક્તિ અહીં આપવાનો પ્રયત્ન કરેલો છે.

અગાઉથી નક્કી કરેલા સમયે શ્રી દેવેન્દ્રભાઈ 'ધર્મમેઘ' (પૂજ્યશ્રીના નિવાસસ્થાને) પધાર્યા. પૂજ્યશ્રીના થોડાક પ્રેમીઓ હાજર હતા. છાણથી લીંપેલા કમ્પાઉન્ડમાં એક વૃક્ષ નીચે ત્રણ-ચાર ખુરશીઓ અને થોડાં પાથરણાં પાથર્યાં હતાં. તેની સામેની બાજુએ પૂજ્યશ્રીની ખુરશી રાખી હતી. પૂજ્યશ્રી તેમના પૂજ-રૂમમાં હતા તેથી શ્રી દેવેન્દ્રભાઈ અને તેમની સાથે આવેલા "ગુજરાત સમાચાર"ના ચીફ રિપોર્ટર શ્રી લાભશંકરભાઈને ઝાડ નીચે ખુરશીમાં બેસાડ્યા અને એક ભાઈએ પૂજ્યશ્રીને, તેમના આગમનની જાણ કરી. પૂજ્યશ્રી બહાર આવે તે પહેલાં શ્રી દેવેન્દ્રભાઈએ મને પૂછ્યું કે આ વૃક્ષનું નામ શું ? મેં ઉત્તર આપ્યો કે આ કણજીનું વૃક્ષ છે. આ વાત ચાલતી હતી ત્યાં જ પૂજ્યશ્રી બહાર આવ્યા. આવતાવેંત જ પૂજ્યશ્રીએ દેવેન્દ્રભાઈને આશિષ-પ્રસાદીરૂપે એક શાલ ઓઢાડી. દેવેન્દ્રભાઈએ પ્રશ્નસૂચક નજરે પૂજ્યશ્રી સામે જોયું. પૂજ્યશ્રીએ કહ્યું, "અમારે ઓમૂપરિવારમાં આ એક પ્રથા છે કે જેઓ બહુજનહિતાય-સુખાયના કાર્યમાં પ્રવૃત્ત છે તેઓનું વસ્ત્ર ઓઢાડીને સ્વાગત કરવું. અમે આપનું સ્વાગત માત્ર એટલા માટે નથી કરતા કે આપ કોઈ સંસ્થાના કાર્યકર છો, પરંતુ એટલા માટે કરીએ છીએ કે સમાજના ખૂણે-ખાંચરે જે ચીંથરે વીંટ્યાં રત્નો પડ્યાં છે તેને ગોતી ગોતીને, તેનો પ્રકાશ અને લાભ સમાજને મળે તેનો આપ પ્રયત્ન કરી રહ્યા છો. આ રીતે બહુજનહિતાય-બહુજનસુખાયનું કાર્ય કરીને આપ અમારું જ કાર્ય કરી રહ્યા છો."

આટલી વાત થયા પછી પૂજ્યશ્રીએ દેવેન્દ્રભાઈને પૂછ્યું કે જો બહાર બેસવાનું ન ફાવે તો સૌ અંદર જઈને બેસીએ. દેવેન્દ્રભાઈએ ના પાડતાં જણાવ્યું કે છાણથી લીંપેલી આ ભૂમિ ઉપર અને કણજીના વૃક્ષ હેઠળ બેસવાનો તેમને ખૂબ આનંદ છે. પૂજ્યશ્રી હસતા હસતા કહે કે, "અમારા પ્રેમીઓ ઘણા સમયથી કહે છે કે કંપાઉન્ડમાં પથ્થર (લાદી) નખાવીએ પણ અમે ના જ પાડીએ છીએ; કંપાઉન્ડને લીંપાવીને જ રાખીએ છીએ. થોડા સમય પહેલાં એક ડૉક્ટર સાહેબ આવેલા. તેમણે કહ્યું હતું કે આ આધુનિક અણુ-યુગમાં જો અણુબોમ્બની અસરથી બચવું હોય તો મકાનો લીંપેલા હોવાં જોઈએ, કારણકે હાલમાં જ એક પરીક્ષણમાં નક્કી થયું છે કે અણુ-પરમાણુ બોમ્બની અસર ગાયના છાણના લીંપણ ઉપર ઓછામાં ઓછી થાય છે."

આટલી વાતચીત પછી પ્રશ્નોત્તર શરૂ થયા.

**દેવેન્દ્રભાઈ** : ગુરુજી ! આપનો વ્યક્તિગત પરિચય જણાવવા કૃપા કરશો ?

**યોગભિક્ષુજી** : કુટુંબનું અમારું નામ મુગટરામ; અમારા પિતાનું નામ પ્રભાશંકર બાપા; માતાનું નામ ગોદાવરી બા. અમારાં માતા-પિતા બંને જાણે સતયુગનાં માણસો. અમારો અભ્યાસ ફક્ત ચાર

ગુજરાતી અને પાંચ હિન્દી. જન્મતિથિ આસો વદ દસમ, સં. ૧૯૮૪. અમે ઓમૂના પ્રેમી અને પ્રચારક તેથી અમારા પ્રેમીઓ આ તિથિને "ઓમૂજયંતી"ના નામે ઊજવે છે. દેવેન્દ્રભાઈ, જે વાતો અમે પાંત્રીસ-ચાલીસ વર્ષથી ભૂલી ગયા હતા તે તમે યાદ કરાવી! અત્યારે તો અમે યોગભિક્ષુ છીએ અને યોગભિક્ષુ **માટે "સબ ભૂમિ ગોપાલકી અને વિશ્વ આખું કુટુંબ" છે.**

**દેવેન્દ્રભાઈ :** સામાન્ય જનો જે રીતનું જીવન જીવે છે; જેમકે પરણવું, પ્રજા ઉત્પન્ન કરવી અને ભૌતિક સુખો ભોગવવાં વગેરે; એથી જુદા પ્રકારનું અર્થાત્ આધ્યાત્મિક અને યોગસાધનામય જીવન જીવવાની વૃત્તિ અને પ્રેરણા આપને કેમ થઈ ?

**યોગભિક્ષુજી :** આપનો પ્રશ્ન પ્રેરણાદાયી છે. જીવમાત્ર સુખ–ઘણું સુખ અને કાયમી સુખ ઈચ્છે છે. પણ ઓછી સમજણના કારણે તે તેને મળી શકતું નથી. લગભગ પંદર–સોળ વર્ષની ઉંમરે જ અમારી બુદ્ધિએ ઉપરોક્ત સુખની શોધમાં ધમપછાડા કરવા માંડ્યા હતા. એ વખતે બુદ્ધિ એવા નિર્ણય ઉપર આવી કે મોટા અખાડિયન (પહેલવાન) કે મોટા એકટર કે મોટા યોગી થઈએ તો બધાં સુખો પ્રાપ્ત કરી શકાય. તેથી અપરિપક્વ બુદ્ધિએ પ્રથમ પહેલાં બે ક્ષેત્રોમાં અજમાયેશ કરવાનો નિર્ણય લીધો અને યથાશક્તિ–યથામતિ તેમાં ચંચૂપાત કર્યો. પણ અખાડિયાનોને રોગ અને દુઃખથી રિબાતા જોયા અને એક્ટરોને પણ અંદરથી અતિ અશાંત અને શાંતિ માટે યોગી–સંતોના ચરણે ઢીંચણિયે પડતા જોયા તેથી તે ક્ષેત્રમાંથી રસ ઊડી ગયો. માતા–પિતા દ્વારા મળેલાં ગર્ભસંસ્કારો અને સ્વબીજબળના કારણે હવે અધ્યાત્મપથ અને યોગપથની સુખશાંતિ આપવાની સરસાઈ શીઘ્ર સમજાણી અને તે તરફ વળી જવાયું. હવે યોગી તો બનીએ ત્યારે ખરા, અત્યારે તો યોગભિક્ષુ છીએ. ક્યારેક અનુભવી સંતો, વાતચીતના પ્રસંગે કહે છે કે યોગી કરતાં યોગભિક્ષુની ઝોળીમાં ઘણું બધું હોઈ શકે, કારણકે ઘણા બધા યોગીઓ પાસેથી યોગભિક્ષુની ભિક્ષાઝોળી યોગરહસ્યોથી ભરાઈ ગઈ હોય.

**દેવેન્દ્રભાઈ :** જો આપને વાંધો ન હોય તો ફિલ્મલાઈનનો કોઈ પ્રેરણાદાયી પ્રસંગ કહો.

**યોગભિક્ષુજી :** વાંધો તો ખૂબ છે; કારણકે **સામાન્ય જનસમુદાયનો બુદ્ધિનો સ્તર નિમ્નસ્તરની વાતને શીઘ્ર પકડે તેવો હોય છે, જેમ પાણીનો સ્વભાવ ઢાળ તરફ જવાનો હોય છે.** પણ તમારી ભાવના ઊંચી છે, તમે એમ માનો છો કે આ પ્રશ્નના ઉત્તરમાંથી પ્રેરણા મળી શકશે. તેથી થોડું કહું.

એક વખત ચાલુ શૂટિંગે જ એક ભાઈ અમારા નામનો તાર લઈને આવ્યા. તારમાં લખ્યું હતું–બા બીમાર છે; જલ્દી આવો. સમાચાર જાણતાં જ શૂટિંગમાંથી રસ ઊડી ગયો. દિગ્દર્શકે સમજણ પાડી કે તમારાં બા બીમાર હોય તો, જરૂર જજો પણ આજનું શૂટિંગ તો પૂરું કરો ! ત્યાં સુધીમાં તો અમે બધા વાઘા ઉતારી નાખ્યા હતા. પછી સૌને નમસ્તે કરીને વતન પહોંચી ગયા. બાને મગજની બીમારી હતી તેથી તોફાને ચડી જતાં અને મારા સિવાય કોઈનું માનતાં નહીં, તેથી તેમને હાથ બાંધીને રાખેલાં. મેં જઈને તુરત હાથ છોડી નાખ્યા. બા સાજાં થયા પછી કહેતાં કે ભાઈ ! એ વખતે તું જાણે પૃથ્વીમાંથી પ્રગટ થયો હોય તેવું લાગેલું ! બાની અસ્થિર અવસ્થામાં તેમની પાછળ પાછળ મારે એવી રીતે રખડવું પડ્યું કે અજાણ્યા મને જ અસ્થિર સમજી બેસતા ! બસ, ત્યાર પછી ફિલ્મજગત કાયમ માટે છૂટી ગયું.

દેવેન્દ્રભાઈ ! તમે તો મારો ભૂતકાળ ખરો યાદ કરાવ્યો ! આથી **ભૂતકાળ અને વર્તમાનકાળની સરખામણી સ્વાભાવિક રીતે જ થઈ જાય છે અને તેથી પરમાત્માના ચરણોમાં મસ્તક આપોઆપ જ નમી પડે છે.**

**દેવેન્દ્રભાઈ :** ગુરુજી ! આપ મંત્ર, તંત્ર કે ચમત્કારોમાં માનો છો ?

**યોગભિક્ષુજી** : અમારા ઓમ્પરિવારમાં તમે કોઈને ચમત્કાર વિષે પૂછો તો તુરત તમને સાંભળવા મળે કે ચ-મત-કર અર્થાત્ ચમત્કાર મત કર. બ્રહ્માનંદજીએ ગાયું છે કે–

જલબુંદકો લેકર દેહ રચી, સુર, માનવ, દાનવ
દેહ જુદા;
સબકે ઘટમંદરકે અંદર તુને આપ મુકામ જમાઇ
દિયા.
કામિલ કામ કમાલ કિયા તુને ખ્યાલસે ખેલ
બનાઇ દિયા.

આનાથી મોટો ચમત્કાર બીજો કયો હોઇ શકે અને છતાંય માનવીની બુદ્ધિમર્યાદાને ચમત્કૃત કરી નાખે એવી પણ અનેક ઘટનાઓ બનતી હોય છે. યોગદર્શનમાં ત્રીજો પાદ આખો વિભૂતિનો છે. તેમાં પણ ચેતવણી આપી છે કે સિદ્ધિઓ, વ્યુત્થાન સમયે સિદ્ધિઓ છે પણ સમાધિમાં તો વિઘ્નો જ છે. **કોઈ પણ ચમત્કાર કુદરતના કાનૂનની બહાર રહીને બનતો નથી. સામાન્ય મનુષ્ય વિજ્ઞાનના અપ્રચલિત નિયમને ચમત્કાર કહે છે. એ જ ચમત્કાર પ્રચલિત બનતાં ચમત્કાર મટી જાય છે.** ચમત્કાર વિષેની સૌની પોતપોતાની વ્યાખ્યા હોય છે. દેવેન્દ્રભાઈ, હું તમને પૂછું કે, "શું થાય તો તમે તેને ચમત્કાર કહો?"

**દેવેન્દ્રભાઈ** : હું પણ ચમત્કારમાં ખાસ માનતો નથી. પણ ઘણા સમયથી અમુક આપણું કાર્ય થતું ન હોય અને અમુક સંતના દર્શન પછી તે થઇ જાય તો તેને લોકો ચમત્કાર કહે છે.

**યોગભિક્ષુજી** : તમે ઘેર જાવ અને એવું કાંઇ થઈ જાય તો તમે તેને ચમત્કાર કહેશોને ?

અમને ગાયત્રીમંત્રમાં ખૂબ શ્રદ્ધા અને પ્રેમ. તે મંત્રોનાં ઘણાં અનુષ્ઠાનો જુદી જુદી રીતે કરેલાં. તેથી અલૌકિક અનુભવો તો ગણ્યા ગણાય નહીં એટલા થયા અને થઈ રહ્યા છે. (પ. પૂ. ગુરુદેવ શ્રી યોગ–ભિક્ષુજીના સાધનાકાળ દરમિયાનના ઘણા અનુભવો "મારા ગુરુદેવ" પુસ્તકમાં આપવામાં આવ્યા છે) એક પ્રેરણાદાયી અનુભવ ટૂંકમાં કહું–

લગભગ પાંચેક વર્ષ પૂર્વે કલોલ પાસે પલિયડ ગામે ખેતરમાં 'નિર્વિકલ્પ મુક્તિધામ" નામથી નવ દિવસ માટેની 'ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર'નું આયોજન પ્રેમીઓના સહકારથી કરેલું. એ વખતના વડાપ્રધાન શ્રી મોરારજીભાઈને શિબિરના ઉદ્ઘાટનનું આમંત્રણ આપેલું. તેઓએ આશીર્વાદ લખી મોકલ્યા હતા.

આયોજન ઘણું મોટું અને અમે બિલકુલ બિન-અનુભવી. તેથી મૂંઝવણ થાય કે શું થશે? કેમ થશે? શિબિરને આઠેક દિવસ બાકી રહ્યા ત્યારે પૂજારૂમમાં ખાટલા પર સૂતો હતો ત્યારે આવો અનુભવ થયો–

માથા તરફની બારીમાંથી એક હાથ પ્રવેશ્યો. મારા માથા ઉપર વહાલથી ફરવા લાગ્યો. મેં તે હાથને મારા બે હાથથી પકડી લીધો અને પૂછવા લાગ્યો કે તમે કોણ છો ? જવાબ ના મળ્યો. તે હસ્ત મારા મસ્તક ઉપર ફરતો રહ્યો અને મારા હસ્ત તેમના હસ્ત ઉપર ફરતા રહ્યા. તે હસ્તની કોમળતાના કારણે મને મનમાં નક્કી થઈ ગયું કે તે કોઈ સ્ત્રી-હસ્ત છે. થોડી વારે તે હસ્ત પાછો ખેંચાઈ ગયો. બીજા દિવસે વિચારે ચઢેલી બુદ્ધિએ નિર્ણય કર્યો કે તે હસ્ત શ્રી ગાયત્રીજીનો **વરદહસ્ત** હતો. બસ, ત્યાર પછી શિબિર બાબતની મારી બધી જ મૂંઝવણો ટળી ગઈ. શિબિર ખૂબ સફળ રીતે પૂરી થઈ. સો સાધકોની અલગ અલગ રહેવાની અને જમવાની તથા બીજી બધી જ પૂરી સગવડ કરેલી છતાંય કોઈ પાસેથી નવ દિવસ સુધી એક પાઈ પણ લીધેલી નહીં. તેથી અમુક સમાચારોએ તેને સતયુગની શિબિર કહેલી. દર નાતાલના પ્રથમ રવિવારે તે સ્થળે ઓમ્પરિવાર ધજારોહણ પર્વ ઊજવે છે. વર્ષ દરમ્યાન ઓમ્પરિવારના આવા આઠ-નવ ઉત્સવો ઊજવાય છે.

**દેવેન્દ્રભાઈ** : આપના પરદેશના થોડા અનુભવો સાંભળવાની ઇચ્છા છે.

**યોગભિક્ષુજી** : અમારા પ્રેમીઓના અતિ આગ્રહથી ત્રણેક વર્ષ પૂર્વે અમે અમેરિકા ગયેલાં. ત્યાં દસ માસ રોકાયેલા. અમારા બીજા પણ ત્રણ ભિક્ષુઓ છે. એમાંના એક શ્રી ગુરુપ્રેમભિક્ષુજીને ત્યાં હોબોકેનમાં મુખ્ય મુકામ રાખેલો. ત્યાંથી જુદાં જુદાં સ્ટેટોમાં ખૂબ ફરવાનું થતું. ત્યાંનાં દેશી અને વિદેશી સર્વ ભાઈ–બહેનોએ અમને અઢળક પ્રેમ આપ્યો. ત્યાં ગાયત્રી–મારુતિ હવન કરેલો જેની જાહેરાત ટી. વી. ઉપર આવેલી બોંતેર કલાકનો ગાયત્રી જપયજ્ઞ કરેલો. તે બંને પ્રસંગોએ સડકો ઉપર બરફના ડુંગરો ખડકાઈ ગયેલા તોય લોકોએ જગ્યાના અભાવે સડક ઉપર ઊભા રહીને લાભ લીધેલો. વિશ્વહિન્દુપરિષદ, હિન્દુ કોમ્યુનિટી સેન્ટર, કૃપાળુ સેન્ટર તથા બીજી અનેક જગ્યાએ અમારા વાર્તાલાપો ગોઠવાયેલા અને સૌએ ઉમળકાભેર સાંભળેલા. તે સૌએ પોતાના ખૂબ સુંદર અભિપ્રાયો પણ લખી આપ્યા છે. (જુઓ 'પૂજ્યશ્રીમાં ઈશ્વરદર્શન") વિશ્વહિન્દુ પરિષદ પોતાનાં બધાં જ કેન્દ્રોમાં અમારા વાર્તાલાપો ગોઠવવા ઇચ્છતી હતી પરંતુ ભારત આવવાનો અમારો સમય થઈ ગયો હતો.

સામાન્ય લોકો જેને ચમત્કાર કહે છે તેવા પ્રસંગો પણ ત્યાં ખૂબ બન્યા. અમે તો આવા બધામાં માનીએ નહીં અને આવું બધું બનવા લાગ્યું ! અમારી બુદ્ધિ ચકરાવે ચડી ગઈ. છેવટે સમાધાન મળી ગયું કે ઓમ્ ભગવાન અમારા દ્વારા પરદેશમાં "કાંઈક" કરાવવા ઈચ્છે છે. "કાંઈક", લોકોના સહકાર વિના થઈ શકે નહીં. લોકો સહકાર તો જ આપે જો તેમની ઈચ્છાઓ પૂર્ણ થાય. **લોકોને ક્યાં મોક્ષ કે ઈશ્વરદર્શન જેવી અલૌકિકતા જોઈએ છે? લોકોને તો મામૂલી ભૌતિક વસ્તુઓ મળે એટલે પ્રસન્ન ! જે મોક્ષ પણ આપી શકે તેના ઘેર ભૌતિક વસ્તુઓનો ક્યાં તૂટો હતો ?** આ રીતે લોકોની ઈચ્છાઓ ઓમ્ ભગવાન દ્વારા પૂરી થઈ રહી છે એમ અમને લાગ્યું. જો હું ચમત્કાર કરી શકતો હોત તો મારા મોટાભાઈનું દસ વર્ષનું દમનું દર્દ મેં જ મટાડી દીધું ન હોત ?

એક અમેરિકન પ્રોફેસર મિર્ના સ્મિથે દોઢ કલાક સુધી અમારી મુલાકાત લીધી અને પોતાનો અભિપ્રાય લખી આપ્યો કે, **"જીવનમાં પ્રથમ વાર જ યોગભિક્ષુજી જેવા નિર્મળ અને નિરાભિમાની મનુષ્ય સાથે મળવાનું થયું. મને જાણે એમ લાગ્યું કે હું નઝારેથના જિસસને મળી રહી છું."** (મૂળ અંગ્રેજી પરથી)

હું બિલકુલ અંગ્રેજી જાણું નહીં, દુભાષિયા મારફત વાતો કરું. મિર્ના સ્મિથે કહ્યું કે તમારી વાતોથી મને એક મહિનાનો ડોઝ મળી ગયો. મારે દર મહિને આવા ડોઝની જરૂરત છે. તેમણે અમારા સાહિત્યનું અંગ્રેજીમાં રૂપાંતર કરવાની જરૂરત પર ભાર મૂકીને તેમાં મદદ કરવાની ઓફર કરી. વ્યોમિંગ સ્ટેટના અમેરિકન યોગી નારાયણ અવધૂત સાથે પણ ખાસો પત્રવ્યવહાર થયેલો. તેમણે પણ અમારા સાહિત્યનું અંગ્રેજી કરવા પર ભાર મૂકીને સહાયની ઓફર કરેલી. તેઓ ગિરનારમાં અમુક સમય રહેલા અને દત્તના ઉપાસક હતા. તેમણે એક સુંદર વાક્ય લખેલું કે, **"તમારા દ્વારા, દુનિયાના લોકોને પોતાનું હૃદય પોતાનામાં અને ભારતમાં સમજવાની હવે નવેસર તક મળી છે."** (અંગ્રેજી પત્રાંશ)

ત્યાંના એક ભારતીય પ્રોફેસરે "યોગભિક્ષુ–અનંતના આશીર્વાદ" એ નામથી અતિ પ્રેરણાદાયી અને વાસ્તવિક પરિચય લખી આપ્યો છે.

ત્યાં સમયની ઘણી કિંમત. તેથી ટાઈમ ઈઝ મની નહીં પરંતુ ટાઈમ ઈઝ ગોડ જેવી સ્થિતિ. અમુક બાબતોમાં ત્યાંનો નૈતિક સ્તર ઘણો ઊંચો.

**દેવેન્દ્રભાઈ** : ઓમ્ મંત્રનું રહસ્ય અને તેની માનવીના જીવનમાં અને અધ્યાત્મમાં શું અસર છે તે જાણવાની ખૂબ જિજ્ઞાસા છે.

**યોગભિક્ષુજી** : આ પ્રશ્નનો ઉત્તર આપવાનું અમને ખૂબ ગમશે. "ઈશ્વર કોને કહી શકાય" એ નામના અમારા પુસ્તકમાં ઓમ્ વિષે ઘણું સમજાવ્યું છે. અહીં પણ તેના વિષે થોડી વાત કરીએ.

ક્લેશો, કર્મો, કર્મફળો અને વાસનાઓથી જે વિમુક્ત છે તે વિશિષ્ટ ચૈતન્ય ઈશ્વર છે; ઈશ્વર સંપૂર્ણ સર્વજ્ઞ છે; ઈશ્વર ત્રિકાલીન ગુરુઓના પણ ગુરુ છે, તેને કાળ છેદીભેદી શકતો નથી; ઈશ્વરનું નામ પ્રણવ (ઓમ્) છે, ઓમ્‌નો સાર્થક જપ કરવાથી ચૈતન્યનો સાક્ષાત્કાર થાય છે અને અંતરાયોનો અભાવ થાય છે.

પતંજલિ મુનિએ પોતાના યોગસૂત્રમાં ઈશ્વરની ઓળખ આ રીતે આપી છે. પતંજલિ મુનિના મતે ઉપર કહેલી વિશિષ્ટતાઓ જેમનામાં છે તે જ એક માત્ર ઈશ્વર છે, બીજા કોઈ નહીં. કોઈ પોતાને જ્યારે ઈશ્વર ગણાવે ત્યારે આ કસોટી સુંદર કામ આપે એવી છે. શાસ્ત્રોક્ત રીતે ઓમ્ મંત્રને સમજીએ તો તેનો પાર આવે એમ નથી. અને છતાંય પૂર્ણ સમજી ન શકાય અને કંટાળી જવાય. અમે તેને વ્યવહારિક રીતે સમજાવવાનો પ્રયત્ન કરીએ છીએ. જેમકે-

વિશ્વના સમસ્ત સત્સાહિત્યનું અતિ સંક્ષિપ્ત સ્વરૂપ ચાર વેદ છે; વેદનું સંક્ષિપ્ત ત્રિપદા ગાયત્રી છે; ગાયત્રીનું સંક્ષિપ્ત મહાવ્યાહૃતિઓ છે; વ્યાહૃતિઓનું સંક્ષિપ્ત અ, ઉ, મ્ છે અને જ્યારે અ, ઉ, મ્ ને એક લયથી બોલીએ ત્યારે ઓમ્... એવો ધ્વનિ કર્ણગોચર થાય છે. કાગડો કા... બોલે, ભેંસ ભાં... બોલે તો એમાં અ આવે. વિશ્વમાં કોઈ પણ મનુષ્ય જે કાંઈ ધ્વનિ ઉચ્ચારે તો તેમાં અ આવે જ. આ રીતે **સૌ જાણ્યેઅજાણ્યે ઓમના જપ કરે છે. તેથી અમે સૌને ઓમપરિવારમાં ગણીએ છીએ.**

ઓમ્‌ની આકૃતિ (ॐ) અને ધ્વનિ (અઉમ્) એ કોઈ કપોળકલ્પિત નથી. **મહાપ્રલય પછી જ્યારે જગતનું ફરીને સર્જન થાય છે ત્યારે એ સર્જનના પહેલા તબક્કાની ક્રિયાનો ધ્વનિ અઉમ ને ખૂબ મળતો હોય છે અને તે વખતે અખંડ બ્રહ્માંડનું આકાશ તે ધ્વનિની આવી (ॐ) અનંત આકૃતિ-તરંગોથી ભરેલું હોય છે. આથી અઉમ થી બનેલો ઓમ વિશ્વનો આદિ અને પ્રભાવશાળી** મંત્ર છે અને ઓમ્‌ની આકૃતિ(ॐ)ને ઈશ્વરનો-પરમાત્માનો ફોટો કહી શકાય. બીજા અને ત્રીજા તબક્કામાં ઓમ્‌ની આકૃતિ ગણપતિ અને હનુમાનજી જેવી આકૃતિનું રૂપ ધારણ કરે છે. તેને પછી આપણે આંખ, કાન ઇત્યાદિ લગાવીને વધુ મનગમતી બનાવીએ છીએ. આમ પરિવર્તિત તબક્કાઓનું છેલ્લું સ્વરૂપ તે હાલનું વિશ્વ. ઉંઝામાં ઉમિયા-ઉમામાતાના મંદિરને અમે ઓમ્‌પીઠ એટલા માટે કહીએ છીએ કે ઉમા શબ્દમાં પણ ઉમઅ આવે છે.

જેમ, જાણ્યેઅજાણ્યે સૌ ઓમ્‌નો જપ કરે છે તેમ સૌ જાણ્યેઅજાણ્યે ઓમ્‌ની જ પૂજા-ઉપાસના કરે છે એમ કહી શકાય. **ઓમની આકૃતિનું સંક્ષિપ્ત સ્વરૂપ છે તેના ઉપરનું બિંદુ (ં). દરેક સંપ્રદાયે તે બિંદુને જુદાજુદા રૂપે-રંગે અપનાવી લીધું છે. બહેનો પણ તે બિંદુને કપાળ ઉપર મૂકે છે અને તેને અખંડ સૌભાગ્યનું ચિહ્ન માને છે. તે બિંદુ વિષેની સાચી સમજણ તેનું નામ જ અખંડ સૌભાગ્ય; નહીં કે પતિની હયાતી કે ગેરહયાતી.**

ઓમ્‌ના દીર્ઘ ઉચ્ચારનો અભ્યાસ કરવાથી બુદ્ધિ અમુક પરિમાર્જિત થાય છે. દીર્ઘ ઉચ્ચાર કરતી વખતે કરોડરજ્જુ ઉપર, કે જ્યાં સર્વશરીરવ્યાપી સુષુમ્ણાનું મુખ્ય સ્થાન છે ત્યાં, આંગળાં રાખવાથી તેમાં થતાં સ્પંદનો સ્પષ્ટ અનુભવી શકાય છે. તે સ્પંદનોથી શરીરમાં અલૌકિક પરિવર્તનો લાવી શકાય છે. મંત્રોને અમે મુખ્ય ત્રણ વિભાગમાં મૂકીએ છીએ-

(૧) કામ મંત્ર (કેવળ ઈચ્છાની પૂર્તિ કરે, હિત-અહિત કાંઈ ન જુએ) (૨) કામ-કલ્યાણ મંત્ર (ઈચ્છાની પૂર્તિયે કરે અને કલ્યાણ પણ કરે) (૩) કલ્યાણ મંત્ર (મુખ્યપણે કલ્યાણ કરે, ગૌણપણે ઈચ્છાની પૂર્તિ કરે.) ગાયત્રીમંત્ર કામકલ્યાણ મંત્ર છે.

ઓમ્ કલ્યાણમંત્ર છે. તે જાપકની ઈચ્છાની પૂર્તિ કરે પણ ખરો અને ન પણ કરે પણ જાપકનું કલ્યાણ જરૂર કરે. જેમકે-

નોકરીમાં પગાર વધારવા માટે ઓમ્‌ના જપ કરતા હોઈએ ત્યારે ઉપરથી અકસ્માતમાં પગ ભાંગે અને નોકરી ઉપર જવાનું ય અટકે. તેથી નારાજ થઈએ. પણ બીજે દિવસે જ્યારે ખબર પડે કે પોતાની ઑફિસનું મકાન તૂટી પડયું અને ઘણા દટાઈ ગયા, પોતાની ગેરહાજરીના કારણે પોતે બચી ગયા. ત્યારે ખબર પડે કે ઓમ્‌ના જપથી બચી ગયા. આ તો સ્થૂળ દષ્ટાંત છે. કલ્યાણનો અર્થ અધ્યાત્મમાર્ગમાં સમજવાનો છે. ઓમ્ મંત્રને સર્વ મંત્રનો નાયક અને સેતુ ગણવામાં આવે છે.

**દેવેન્દ્રભાઈ** : આપને કદી આશ્રમ બનાવવાની ઇચ્છા નથી થતી ?

**યોગભિક્ષુજી** : થાય છે, પણ બહુ નહીં. ઘણા પ્રેમીઓ આશ્રમ માટે ખૂબ તૈયારી બતાવે છે. તેમને સૌને હવે આશ્રમની જરૂરત લાગે તે પણ સ્વાભાવિક છે. કારણકે હવે એક સંસ્થા ચાલે છે જેનો મુખ્ય ઉદ્દેશ બહુજનહિતાય-બહુજનસુખાયનો છે. આપવા લાયકને અન્ન, વસ્ત્ર, દવાઓ, ફી, ચોપડીઓ, નોટબુકો વગેરે આપવાનાં કાર્યો સંસ્થા પોતાની રીતે ચાર-પાંચ વર્ષથી કરી જ રહી છે. આ રજિસ્ટર્ડ સંસ્થાનું નામ છે ઓમ્‌ગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ (ઓ. પ્રે. પ. ટ્રસ્ટ). અમે એકલે હાથે ઓમ્‌પરિવારનું કાર્ય ત્રીસેક વર્ષ સુધી કર્યું. પ્રેમીઓને એમ લાગ્યું કે વ્યવસ્થિત ટ્રસ્ટ બને તો વધુ વ્યવસ્થિત અને મોટા પ્રમાણમાં કાર્ય કરી શકાય. તેથી ટ્રસ્ટ બન્યું. ટ્રસ્ટના ચેરમેન છે. ડૉ. સોમાભાઈ પટેલ ઉર્ફે સદ્‌ગુરુસમર્પણ-ભિક્ષુ (અમારા ત્રીજા ભિક્ષુ છે ગુરુધ્યાનભિક્ષુ. ત્રણેને પોતાના સ્વભાવ પ્રમાણે અમે આ પ્રેમયુક્ત નામો આપ્યાં છે.) ટ્રસ્ટની ઑફિસ નારણપુરામાં છે. ટ્રસ્ટ તરફથી લગભગ અમારાં સત્તર-અઢાર પ્રકાશનો બહાર પડી ચૂક્યાં છે. છેલ્લું પ્રકાશન "નિર્ઝર ઝર્યું" કો ગેબથી" ઉર્ફે વિશ્વઅશાંતિનાં અતિ ગુપ્ત કારણોની મૌલિક રજૂઆત. આ પુસ્તિકાને વિશ્વના ધાર્મિક, સામાજિક અને રાજકીય પુરંધરો તરફથી સારો પ્રતિભાવ સાંપડયો છે. પોતાની સંસ્થાના છાપેલા પત્ર પર લખીને માંગણી કરનારને આ પુસ્તિકા સંસ્થા તરફથી મફત મળે છે.

આશ્રમ થવો હશે ત્યારે થશે. અત્યારે તો અમે, મોટાભાઈ અને તેમનું કુટુંબ સૌ સાથે 'ધર્મગેહ' નામના મકાનમાં રહીએ છીએ. થોડા સમય પૂર્વે અમેરિકાથી એક યોગીરાજ પોતાના બે અમેરિકન શિષ્યો સાથે 'ધર્મગેહ'માં અમને મળવા આવેલા. અમે તેમને અમારી ૧૦'×૧૨'ની પૂજારૂમ બતાવીને કહ્યું કે–

આ જ અમારી પૂજા-ઉપાસના-સાધનારૂમ, આ જ અમારી ચિંતન-મનન-નિદિધ્યાસનરૂમ, સંતો સાથેની મુલાકાત માટે પણ આ જ રૂમ; આ જ અમારો લેખન-ખંડ, અહીં જ અમારાં અઢારેક પુસ્તકો લખાયાં, ઘણાખરા અલૌકિક અનુભવો પણ અમને આ જ ખંડમાં થયા, આ જ અમારો આરામખંડ-શયનખંડ, આ રૂમમાં આ જે લાકડાનો ખાટલો રહ્યો તે જ અમારી સૂવાની પથારી અને તે જ અમારી ખુરશી, ખાટલાની બાજુની બારીની પાળી રહી તે જ અમારું ટેબલ કે જેના ઉપર અમારાં પેન-પેન્સિલ-રબર-નાની કાતર વગેરે લખવાનાં સાધનો પડયાં રહે છે.

આ બધું સાંભળીને યોગીરાજ આશ્ચર્યચકિત થઈ ગયા અને કહેવા લાગ્યા કે આટલી ઓછી જગ્યા હોવા છતાંય અને પ્રેમીઓ આશ્રમ બનાવવાનું કહે છે છતાંય તમે આશ્રમની હા નથી પાડતા અને ક્યાં તેઓ કે જેમના હજારો એકર જમીન ઉપર આશ્રમો પથરાયેલા હોવા છતાંય જેમને સંતોષ નથી ! અસ્તુ.

આશ્રમ નથી તોય મોજ છે અને આશ્રમ થશે ત્યારેય મોજ હશે. અત્યારે તો–

તીન ટુક કૌપિનકો, અરુ ભિન ભાજી લોન;
તુલસી રઘુવર ઉર બસે, ઇન્દ્ર બાપરો કૌન ?
અને
એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય;
જો તું સેવે મૂલકો, ફૂલે ફલે અઘાય.

એ પંક્તિઓને યાદ કરતાં કરતાં પ્રભુભજનમાં સમય નિર્ગમન થઈ જાય છે. બહોત ગઈ અને થોડી રહી. અસ્તુ.

ખરી રીતે વિચારીએ તો આશ્રમની જરૂરત જ શું છે ? દેશમાં ઘણા આશ્રમો છે અને નવા નવા બની રહ્યા છે. તેમાં આપણે એકનો વધારો જ કરવાનો છે ને ? લોકોને પોતાના કલ્યાણની થોડી પણ ગરજ નથી અને સાચું કલ્યાણ એટલે શું તેની પણ તેમને ખબર નથી. લોકેષણા માટે કામ કરનારાઓનો તૂટો નથી. અત્યારે તો એવા માણસોની જરૂરત છે; જેઓ એમ માનતા હોય કે "લોકોના કલ્યાણનો પ્રયત્ન કરવાની અને તેવું તેમને સંભળાવવાની આપણને ગરજ છે, તેનાથી આપણું કલ્યાણ થવાનું છે." આવા માણસો જ આશ્રમના પાયાની ઈંટ બની શકે.

જે સાચો આશ્રય આપે તે આશ્રમ. સાચો આશ્રય તે જ આપી શકે કે જે સહનશક્તિ રૂપી મંત્રને અખંડ ગૂંજતો રાખી શકે અને શ્રમશક્તિને મહામૂડી અને ગૌરવદાત્રી માની શકે. શ્રમશક્તિરૂપી તરંગો વિના વિચારધારાઓ ગંધાઈ જાય છે અને સહનશક્તિરૂપી પાણી વિના આત્મીયતા કરમાઈ જાય છે. પછી આશ્રમોમાં બચી રહે છે માત્ર સ્થૂળ અને જડ વિચારોની ભેંકાર ભૂતાવળ !

"સાપ ગયા અને લિસોટા રહ્યા" ની જેમ આશ્રમો, મઠો અને મંદિરોના આદર્શ સંસ્થાપકોના ગયા પછી પાછળ રહી જાય છે કેવળ શેઠિયાઓ અને વેઠિયાઓ જ. પતન અને પરાવલંબનમાંથી ઉગારવા માટે ઊભા કરવામાં આવેલા આશ્રમોમાં જ્યારે વિરુદ્ધ વર્તન થતું જોવા મળે ત્યારે જરૂર એમ થાય કે આથી આપણું ઘર શું ખોટું ? અસ્તુ."

પ્રશ્નોત્તરી બાદ શ્રી દેવેન્દ્રભાઈએ પૂજ્યશ્રીની રજા માગી ત્યારે પૂજ્યશ્રીએ તેમને પૂછ્યું કે આજની મુલાકાતમાં તેમને આનંદ આવ્યો કે નહીં ? શ્રી દેવેન્દ્રભાઈ હસતા હસતા કહે, "કેવળ ભૌતિક વિચારધારાવાળા મનુષ્યોથી દૂર, અહીં આ કલ્પજીના વૃક્ષ નીચે અને આપના સાંનિધ્યમાં ખૂબ આનંદ આવ્યો."

---

## અમેરિકાનાં સંસ્મરણો

[શ્રીમતી મીર્નાં સ્મિથે (અમેરિકા) પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીને પૂછેલા પ્રશ્નો અને પૂજ્યશ્રીએ આપેલા તેના ઉત્તરો]

(ગતાંકથી ચાલુ)

**મીર્નાં સ્મિથ :** હું તમારી ભાષા જાણતી હોત કે તમે મારી ભાષા જાણતા હોત તો કેવું સારું થાત!

**યોગભિક્ષુ :** મને પણ એમ જ થાય છે કે, તો ઘણું સારું થાત. 'બહુજનહિતાય–સુખાય'નો જે સંદેશ મારે વિશ્વને આપવો છે એ માટે હું કશું જ કરી શકતો નથી કારણકે હું અંગ્રેજી જાણતો નથી. યોગ ઉપરનું અમારું પુસ્તક 'મુક્તા' છે. તેમાંથી આપને ઘણી બધી જાણકારી પ્રાપ્ત થઈ શકે તેમ છે પણ તે ગુજરાતીમાં છે.

**મીર્નાં સ્મિથ :** એ પુસ્તક આપ અંગ્રેજીમાં છપાવવાના છો? તેમાં આપને હું શું મદદ કરી શકું ?

**યોગભિક્ષુ :** અમારા માણસો તેનો પ્રયત્ન કરી રહ્યા છે. આપની મદદની જરૂર પડશે ત્યારે આપને કહીશું. તે બદલ આભાર.

**મીર્નાં સ્મિથ :** આપની પાસેથી સાંભળવા મળી તેવી ઉત્સાહપ્રેરક અને પ્રેરણાદાયક વાતો દર મહિને મારે સાંભળવાની જરૂરત છે. મારા માટે આ એક મહિનાનો ડોઝ થઈ ગયો.

### પ્રો. મીર્નાં સ્મિથનો પૂજ્ય શ્રી યોગભિક્ષુજી વિષે અભિપ્રાય (મૂળ અંગ્રેજીમાં)

બાપુ સાથે મારી મુલાકાત લગભગ એક કલાક ચાલી. અત્યાર સુધી હું જેટલી વ્યક્તિઓને મળી તેમાં આ (બાપુ) એક એવા લાગ્યા કે જેમને દેહાભિમાન નથી. તેમની વિનમ્રતા, ડહાપણ અને જ્ઞાન જોતાં મને એવું લાગ્યું કે હું નઝારેથના જિસસ(ભગવાન ઈશુ ખ્રિસ્ત)ને મળી રહી છું.

# શ્રી હર્ષદભાઈ ર. વ્યાસનો શ્રી યોગભિક્ષુજી ઉપર લખાયેલ પત્રનો અંશ

ઉમરેઠ
તા. ૬-૧૧-૮૫

આપનો પ્રેમ, આપની અમીભરી દૃષ્ટિ વિસરાતી જ નથી. આપના એકે એક શબ્દને પ્રણામ કરું છું. મીઠી વાણી અને વેધક શબ્દબોધ વારંવાર વાગોળું છું. સૌમ્યમૂર્તિનાં ધ્યાનમુદ્રામાં જ્યારે દર્શન કર્યાં છે ત્યારે આ સંસારના તમામ પદાર્થો તુચ્છ લાગે છે. આપનાં દર્શન હવે વારંવાર થયા કરે છે. આપના ચિત્રજીમાં (ફોટામાં) દર્શન કરતાં, ઝીણવટભરી રીતે ફોટો નિહાળતાં જાણે કે આપનામાં ત્રીજા ચક્ષુનું દર્શન થાય છે ત્યારે નીરવ શાંતિ મળે છે. આપના આશીર્વાદ તો દરેક ગુરુભક્તોને હોય છે જ પણ મારી સમજ મુજબ મને તો જાણે એવી જ ભ્રાંતિ થયા કરે છે કે જાણે ગુરુજી મણિનગર (ગુરુજીનું નિવાસ-સ્થાન) ગયા જ નથી. ઉઘાડી આંખે પણ આપના મુખકમળનાં દર્શન થાય છે.

આપનો કિંમતી સમય આપી અમારા જેવાઓને દિશાસૂચન પ્રાપ્ત કરાવવા ઉમરેઠ પધાર્યા. અહીં આપના રોકાણ દરમ્યાન અમારામાં રહેલા અજ્ઞાન, અભિમાન, અંધશ્રદ્ધા, તાપો, કલેશો, સૌ વિખરાઈ ગયા તે જ આપની કૃપા. અભયદાન યાચું છું.

બસ એજ,

આપનો દર્શનાભિલાષી
બાળક

# શ્રી યોગભિક્ષુજી દ્વારા લખાયેલા પત્રોના પ્રેરણાદાયી અંશો

...જીવનમાં સતત કોઈ ને કોઈ પ્રકારની આધ્યાત્મિક પ્રવૃત્તિ કરતા જ રહેવું જોઈએ; એ જ મનુષ્યજન્મની સાર્થકતા છે. બધી જ આધ્યાત્મિક પ્રવૃત્તિ નિષ્કામ ભાવે થવી ઘટે. કર્મનો એવો અટલ નિયમ છે કે સારા કર્મનું ફળ સારું અને ખોટા કર્મનું ફળ ખોટું; આપણી ઈચ્છા હોય કે ન હોય તોય મળે જ છે. છતાંય મંદબુદ્ધિ મનુષ્યો કર્મફળનો બોજો સતત મસ્તક ઉપર લઈને ફરે છે. અસ્તુ.

o o

અનુષ્ઠાનમાં મંત્ર અને તેનો અર્થ જાણવો તે મુખ્ય છે, બાકીનું બધું ગૌણ. અનુષ્ઠાનકાળમાં યથા-શક્તિ અને યથામતિ સંયમ-નિયમનું પાલન કરવું, સાત્ત્વિક આહાર રાખવો. નિશ્ચિત સ્થળે અને નિશ્ચિત સમયે, નિશ્ચિત સંખ્યામાં મંત્રો થાય તે આદર્શ પરિપાટી છે. પચીસ હજાર, પચાસ હજાર કે સવા-લાખનો પ્રથમથી જે સંકલ્પ કર્યો હોય તેટલા મંત્રો ઉપરોક્ત નિયમમાં રહીને કરવા. સંજોગોવશાત્ ઉપરોક્ત નિયમમાં કંઈ ચૂકી જવાય તોય અનુષ્ઠાન છોડવું નહીં, પૂરું જ કરવું. પોતાનું મગજ સહન કરી શકે એટલા મંત્રો જ રોજ કરવાનો સંકલ્પ કરવો. મંત્રોની સંખ્યામાં વધારો કરવો હોય તો કરવો પણ ઘટાડો કરવો નહીં.

નાહ્યા એટલું પુણ્ય. જેટલું કાંઈ સત્કર્મ થશે તેટલું સારું જ છે. સંકલ્પ પ્રમાણે પૂરું ન કરી શકીએ તો તેથી કાંઈ પાપ લાગવાનું નથી; પરંતુ પોતાની શક્તિનો ખ્યાલ રાખીને કરવું જેથી 'આરંભે શૂરા" જેવી સ્થિતિ ન થાય.

# જુગારે તો યુધિષ્ઠિરને પણ અસ્થિર બનાવી દીધા હતા !

– યોગભિક્ષુ

જુગાર રમવાની વૃત્તિ ઉદ્‌ભવવી પ્રથમ તો એ જ પરાજયનું ગર્ભિત સૂચન છે. જુગારમાં સાક્ષાત્ હારવું એ તો હાર્ય છે જ કારણકે તેમાં ક્યારે, કેટલું અને શું શું હારીશું તેનું કોઈ ઠેકાણું જ નથી, પરંતુ જુગારમાં મળેલી જીત એ પણ મહાકરુણાજનક પરાજય જ છે. કારણકે એ જીત હારનારનાં આંસુના ભોગે, હારનારનાં છૈયાં–છોકરાંનાં અન્ન–વસ્ત્રના ભોગે અને હારનારની બીમાર પત્નીની દવાના ભોગે મેળવેલી જીત છે. જુગારમાં પ્રાપ્ત થયેલું એ કોઈ રચનાત્મક રીતે પ્રાપ્ત થયેલું હોતું નથી કે જેથી એમ કહી શકીએ કે "મૈં ભી ભૂખા ન રહું ઔર તુઝે ભી ખાને કો કુછ !" ભલે કોઈ પોતાની સૂક્ષ્મ બુદ્ધિનો દુરુપયોગ જુગારના સમર્થનમાં કરે પરંતુ જુગાર એ જુગાર છે, તે સદા–સર્વદા અનિષ્ટ જ છે.

અરે ! જુગારના હરામ ચસકાએ તો પાંડવો અને તેમના મોટાભાઈ ધર્મરાજ યુધિષ્ઠિરને પણ, કે જેઓ જીવનમાં આવતા દરેક પ્રકારનાં યુદ્ધોમાં સ્થિર રહી શકનારા હતા તેમને પણ, અસ્થિર અને વિવેકભ્રષ્ટ–ધર્મભ્રષ્ટ કરી નાખ્યા ! જેથી તેઓ પોતાની ધર્મપત્ની દ્રૌપદીને પણ હોડમાં મૂકવા જેટલા વિવેકહીન થઈ ગયા ! તો પછી જુગાર રમવામાં સામાન્યજનો તો સમતોલ રહી જ ક્યાંથી શકે ?

ભગવાને આપણને બુદ્ધિ આપી છે તેનો ઉપયોગ કરવો જોઈએ. અકલ્યાણકારી કાર્ય કરતાં હોઈએ ત્યારે આપણને ભગવાન કાંઈ હાથ પકડીને રોકતા નથી ! નહીં તો પાંડવોને તેમના મિત્ર અને તેમના પરમ ઇષ્ટ શ્રી કૃષ્ણ જુગાર રમવામાંથી રોકત નહીં ? અવિવેકી ભક્તો એટલી હદે અકલ્યાણકારી કાર્યોમાં ઝંપલાવે છે કે જેથી તેમને સહાયતા કરવા તેમના મિત્રોને, સંતોને, ગુરુજનોને અને ખુદ ભગવાનને પણ સમયે–કસમયે મુઠ્ઠી વાળીને દોડવું પડે છે ! જેમકે શ્રી કૃષ્ણને દ્રૌપદીનાં ચીર પૂરવા દોડવું પડ્યું હતું. કોઈ મોટા માણસ જોડે ઓળખાણ હોય એનો અર્થ એવો નથી કે આપણે એમને અવારનવાર હેરાન કરતા રહીએ. ભગવાનનો સાચો ભક્ત તો ભગવાનને કષ્ટ થાય એવું કદી કોઈ કરતો જ નથી. શું ભગવાન આપણા મિત્ર હોય તેથી કાંઇ અસત્‌કાર્યોનાં ફળ ભોગવવામાંથી આપણે બચી જઈએ છીએ ? કદી નહીં. ભગવાન આપણા મિત્ર હોય તેથી તો આપણે વધુ સત્કાર્યો, આપણા ભગવાન ખુશ થાય તેવાં કાર્યો કરવાં જોઈએ. આપણા ભગવાનને અને આપણા ગુરુસંતોને નીચું જોવા વખત આવે એવું નાલાયક વર્તન આપણાથી કરાય જ કેમ ? તો પછી આપણામાં અને નુગરામાં ફર્ક શો ?

જુગાર ખેલવો જ હોય તો એવો ખેલીએ કે જેથી હારીનેય જીતીએ, મરીનેય જીવીએ. અતિ દુઃખદ આશ્ચર્ય તો એ છે કે આપણે જન્માષ્ટમીએ શ્રી કૃષ્ણના નામે પૈસાનો જુગાર રમીને આપણી બુદ્ધિના દેવાળાનું પ્રદર્શન કરીએ છીએ.

જે શ્રી કૃષ્ણ બહુજનહિતાય અને બહુજનસુખાય માટે ઝઝૂમતા રહ્યા, સત્યને સહાય કરવા જેઓ સદા ગરીબો અને સત્યાગ્રહીઓના સંગમાં રહ્યા અને સમાજના ઉત્થાન અર્થે જેઓ સદા એકલે હાથે, અનેક શક્તિશાળી દુરાત્માઓ સાથે, પોતાના મસ્તકને હોડમાં મૂકીને ઝઝૂમતા રહ્યા; તેમના ભક્તો આપણે તેમની જન્મજયંતી પૈસા–પાનાનો જુગાર રમીને ઊજવીએ તેને વિશ્વનું કેટલામું આશ્ચર્ય કહેવું ?

પારસમણી સ્થૂળ હોવા છતાં લોઢાનું લોહત્વ ટાળી દે છે તેમ ભગવાન, સંત અને ગુરુજનો પણ

ભક્તનું, પ્રેમીનું અને શિષ્યનું અજ્ઞાન ટાળીને સૌને પોતાના જેવા બનાવી દે છે. પણ શર્ત એટલી કે વરસાદ વરસે ત્યારે આપણે તેનું પાણી ગ્રહણ કરવા માટે વાસણ સવળું મૂકવું જોઈએ.

મનુષ્ય, પશુ અને પંખી એમ જગતમાં ત્રણ મુખ્ય યોનિ છે. તેમાં મનુષ્યયોનિને ઉત્તમ ગણવામાં આવે છે, કારણકે મનુષ્ય જ મોક્ષ, કલ્યાણ વગેરે વિષે વિચાર કરી શકે છે. જગતનાં બધાં જ સુખો, દુઃખની પ્રતિક્રિયાવાળાં છે. જે સુખની પ્રતિક્રિયા દુઃખ ન હોય તેને મોક્ષ કહે છે. મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને આ વખતે એવો દાવ લગાવીએ કે મોક્ષસુખને પ્રાપ્ત કરી લઈએ ! એક વખત દાવ લગાવ્યો એ લગાવ્યો, ફરીને કદી દાવ લગાવવો જ ન પડે એવો જુગાર ખેલીએ !

**: લવાજમ મોકલવાનું સ્થળ :**

(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ
3/બ, પલ્લિવડનગર સોસાયટી,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ–૩૮૦ ૦૧૩.

(૨) નૈષધ ચંદ્રવદન વ્યાસ
૩, ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ–૩૮૦ ૦૦૮.

## વાર્ષિક સભ્યોને જરૂરી સૂચના

ઓ. પ્રે. પ. ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થતું આ સામયિક ત્રિમાસિક છે તે વાતથી વાચકગણ માહિતગાર હશે જ. "ૠતમ્ભરા" સામયિકનો આ અંક એ ત્રીજા વર્ષનો છેલ્લો અંક છે. જુલાઈ–૮૭માં પ્રગટ થનાર અંક એ ચોથા વર્ષનો પ્રથમ અંક હશે.

વાર્ષિક સભ્યોને જણાવવામાં આવે છે કે નવા વર્ષમાં સભ્ય બનવા ઇચ્છતા સૌએ પોતાનું લવાજમ તા. ૩૧–૫–૮૭ સુધીમાં ભરી દેવું.

વાચક મિત્રોના લેખિત અભિપ્રાયોથી અમે એટલું નક્કી કરી શકયા છીએ કે "ૠતમ્ભરા"માં પિરસતા સાહિત્યથી જિજ્ઞાસુ સાધકોને ઘણું બધું જાણવા મળ્યું છે. આપ અવારનવાર લેખિત સૂચનો મોકલતા રહો તેવી વિનંતી. વળી સાંપ્રત સમાજના આધ્યાત્મિક મૂલ્યોમાં વૃદ્ધિ થાય તે માટે આવા સાહિત્યનો પ્રચાર કરવો એ પણ "બહુજનહિતાય-બહુજનસુખાય"નો એક પ્રકાર જ છે. તેથી વાચક મિત્રોને નમ્ર વિનંતી કે આપ પણ આ પ્રચાર-યજ્ઞમાં જોડાઓ અને વધુમાં વધુ સભ્યો બનાવી આમાં પિરસાતા સાહિત્યનો લાભ વધુમાં વધુ લોકોને પ્રાપ્ત થાય તેમાં નિમિત્ત બનો.

આપના સહકારની અપેક્ષા સહ.

શ્રી વજુભાઈ પટેલ
સેક્રેટરી – ઓ. પ્રે. પ. ટ્રસ્ટ

# અમેરિકાનાં સંસ્મરણો

[ શ્રી યોગભિક્ષુજી વિષે અભિપ્રાય – એક અમેરિકન યોગી શ્રી નારાયણ અવધૂતના પત્રોમાંથી – મૂળ અંગ્રેજીમાં ]

શ્રી એકરો આઠ રાજયોગી બાપુ યોગભિક્ષુજી મહારાજ વિષે પત્ર લખી માહિતગાર કરવા બદલ હું આપનો આભાર માનું છું. મેં તરત જ તેમના પવિત્ર શરીરનો ફોટોગ્રાફ મઢાવીને પૂર્વ દિશામાં દીવાલ પર કે જ્યાં આદિશેષ ગોવિંદ પૂજ્યપાદ મહારાજ અને પૂજ્ય સદ્ગુરુ હિઝ હોલીનેસ શ્રી શંકરાચાર્ય ભગવત્પાદના ફોટાઓ છે તેમના પગ પાસે ગોઠવી દીધો. હું ઘણા સમયથી આશા રાખતો હતો કે મને આપના ગુરુજીની ઓળખાણ થશે... ઘણા આનંદ અને આશીર્વાદની વાત છે કે તેઓ અમેરિકા પધાર્યા, કે જેઓ જીવનપર્યંત રાજયોગની સાધનામય છે. તેઓ અમેરિકામાં વસતા સાચા જિજ્ઞાસુ આત્માઓને પવિત્ર રાજયોગના પ્રકાશમાં લાવવા અમેરિકામાં વિચરણ કરી રહ્યા છે, કે જે પવિત્ર રાજયોગ સદીઓથી કસોટીમાંથી પસાર થઈ ભારતમાં સ્થિર થયો છે કે જે ભારત દેશ દુનિયાના હૃદય સમાન છે...

હું આપ(ગુરુપ્રેમભિક્ષુ)ના ગુરુને ખૂબ પ્રસન્નતાથી કાંઈક મદદ કરવા રાજી છું...

...તેઓ (યોગભિક્ષુજી) મારા ઘેર ગમે ત્યારે પધારી શકે છે. આવી વ્યક્તિઓના આશીર્વાદ માટે અમે ખુશી છીએ. હાલમાં બહુ થોડા રાજયોગી રહ્યા છે. આશીર્વાદની કિંમત આપણે શું કરી શકીએ...?

o o

અમે આપ(યોગભિક્ષુજી)નું સ્વાગત કરીએ છીએ, કારણકે આપનામાં દિવ્ય આત્માની જાગૃતિ છે, અને તે કાર્યરત છે. આપના જેવી સ્થિતિ પામેલ કોઈ પણ વ્યક્તિ, કોઈ પણ માણસને મળવાથી તેના હૃદયને જાણી શકે છે. જેનામાં આત્માની જાગૃતિ થઈ હોય તે હૃદયની ભાષાને હૃદયથી જાણી શકે છે. આપની આવી યોગ્યતાને હું કેવી રીતે નકારી શકું ? આપ મહેમાન એટલે પ્રભુસ્વરૂપ છો. આપને મળવાનું હું મહાભાગ્ય ગણીશ કારણકે આપની બુદ્ધિ ઋતંભરા પ્રજ્ઞાથી સંતૃપ્ત છે. આપ મહાપુરુષ છો, રાજયોગી છો; ઓમ્ અથવા ઈશ્વર કે જે ગુરુતત્ત્વ છે, જે ભગવાન દત્તાત્રેય સમાન છે, તેનાથી આપ ચોક્કસ સંરક્ષાયેલા છો. પાતંજલ યોગસૂત્રના પહેલા પાદના તેત્રીસમા સૂત્રમાં જણાવ્યા પ્રમાણે આપ શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવો છો... આપ ચોક્કસપણે મને જણાવો કે આપ મારી શું સેવા લેવા ઇચ્છી રહ્યા છો જેથી હું તે કરી શકું.

...પ્રભુની યોજનામાં તમે તમારી જાતનો સ્પષ્ટપણે ઉપયોગ કરી રહ્યા છો. લોકો માટે પવિત્ર રાજયોગનાં દ્વાર ખોલવા આપ આપની જાતનો ઉપયોગ કરી રહ્યા છો તે સારું છે. ઓમ્ દ્વારા જાગૃતિ લાવી આ પવિત્ર ધ્યેય તરફ જવાનું જે કાર્ય આપ કરી રહ્યા છો તેના માટે કોઈ દલીલ નથી. તે એક મહાન આશીર્વાદ સમાન છે.

પવિત્ર ઈન્ડિયા – શ્રી ભારત કે જે દુનિયાનું હૃદય છે. બધા પવિત્ર માણસો કે જેઓ ભારતથી આવ્યા છે તેઓને માન અને મર્યાદાથી બધાએ આવકાર્યા છે ઘણા આવ્યા; થોડા સારી રીતે સમજાયા; હવે તમારા દ્વારા દુનિયાના લોકોને પોતાનું હૃદય પોતાનામાં અને ભારતમાં સમજવાની નવેસર તક મળી છે...

એમાં સહેજ પણ શંકા નથી કે અત્યારે આપણે માનવજાત માટેના ઘણા કપરા કાળમાં જીવી રહ્યા છીએ, તેથી મહાન પ્રયત્ન કરવા અને મહાન બલિદાન આપવા પણ કોઈ જાગૃત આત્માએ તૈયાર રહેવું પડશે. હું આ વિષય અંગે આપના હૃદયને સારી

રીતે સમજી શકું છું. પ્રભુ જે કાંઈ પ્રેરણા કરે છે તે પ્રમાણે આપ વર્તો છો...

જો આપ આપના ગિરનાર પર્વત પરના અનુભવ, પત્ર દ્વારા અથવા અન્ય રીતે ખુલ્લા કરી જણાવી શકો તો હું ખુશ થઈશ અને આભાર માનીશ.

આપના આત્મા માટે જે કાંઈ ભયજનક હોય તેની સાથે અને આપની સાથે અને આપના હાલના કાર્ય સાથે ગુરુદત્ત સારી રીતે સંકળાયેલા છે...

હા, હા, મારે તમને મદદ કરવી જોઈએ. આ કાર્ય માટે જે રીતે સ્વીકારવું જોઈએ તે રીતે સ્વીકારું છું. મારે ઈંગ્લેન્ડમાં એક સંગઠન છે, જે મારે માટે થોડું પ્રકાશનનું કાર્ય કરે છે; ઈંગ્લેન્ડમાં તથા અન્ય દેશોમાં તથા અહીં અમેરિકામાં તમારો ઉપદેશ આપણે અંગ્રેજીમાં કદાચ પ્રકાશિત કરી શકીશું... આપે પાતંજલ યોગસૂત્રો પર ટીકા લખેલ છે તેનું તમારા કોઈ શિષ્ય મારફતે ગુજરાતીમાંથી અંગ્રેજી કરાવો તો તેનું પ્રકાશન કરવાની સેવા કરી અમે આભારી થઈશું. પશ્ચિમના સત્યશોધકો માટે આ ઘણી જ મોટી મદદ થશે. હાલમાં હું વિચારી નથી શકતો કે મારે બીજી શું સેવા કરવી જોઈએ. પણ જે કાંઈ મારા મગજમાં આવશે તે આપના સંતોષ માટે રજૂ કરીશ.

આપે પણ મને આશીર્વાદ આપી મદદ કરવી પડશે કે જેથી દુનિયામાં હું જે કાંઈ કાર્ય કરી રહ્યો છું તેમાં જે થોડી મુશ્કેલી છે તે દૂર થાય.

મને તે જાણવાની ઈચ્છા છે કે યોગમાં પ્રગતિ કરાવીને હાલની સ્થિતિ પર લાવનાર આપના ગુરુ કોણ છે ? જો આપ દયા કરીને આ જણાવો તો આપની આ વાત અને અન્ય બીજી કોઈ બાબત કે જે આપ ખાનગી રાખવા ઈચ્છતા હશો તે હું ચોક્કસ ખાનગી રાખીશ. આપનામાં અને આપના જીવનમાં હું ખૂબ રસ ધરાવું છું. આપ જે છો-કે જે આપે કહ્યું કે 'યોગભિક્ષુ હું'-તે આપના જીવનનો ઇતિહાસ બહુ કિંમતી છે કે જે યોગભિક્ષુની સ્થિતિએ પગ ગોઠવતાં અમને મહાન મુશ્કેલીઓ પડી હતી. આપનું જીવનચરિત્ર અને આપના યોગાનુભવો જો આપ લખો તો જિજ્ઞાસુઓને ઘણું લાભદાયક નીવડશે. તે ખૂબ જ સારું થશે. આપને જે પ્રયત્નો કરવા પડ્યા તેમાં તેઓને સરળતા થઈ પડશે.

આપ ખરેખર નમ્ર વ્યક્તિ છો. સહાય માટે આપે આપની જાતને સર્વોચ્ચ શક્તિ કે કેન્દ્રની સત્તા ગણાવી નથી; આપ સાચા છો, પણ બહુ થોડા માણસોએ આપની સાથે આપના જેવી નમ્રતા વાપરી હશે...

હું આશા રાખીશ કે આપ હંમેશા મારા સંપર્કમાં રહેશો અને આપને જ્યારે પણ અંગ્રેજી જાણનારા મળે ત્યારે મને વખતોવખત પત્ર લખતા રહેશો. કારણકે મને મારી આધ્યાત્મિક માતૃભૂમિના સમાચાર જાણવા ગમે છે. ભલે હું અત્યારે આ ભૌતિક અને દંભી-આધ્યાત્મિક પ્રેરણાવાળી દુનિયામાં દેશવટો ભોગવતો હોઉં.

ૐ

આહાર-વિહારની સ્વચ્છંદતા-રૂપી પાપના કારણે થયેલા રોગને મટાડવા માટે પ્રાયશ્ચિતરૂપી યોગ્ય ઉપચારો ન કરવા તે ગુનો છે.

દવા કરવાથી રોગ મટી જશે એમ સમજીને માત્ર વ્યક્તિગત સુખભોગ માટે ઈરાદાપૂર્વક આહાર-વિહારની બેદરકારી કરવી તે મહાન ગુનો છે.

– યોગભિક્ષુ




क्लेश, कर्म, कर्मों के फल और वासनाओं से विमुक्त अैसा विशेष चेतन (वेही अेक मात्र) अीश्वर हैं। अीश्वर संपूर्ण सर्वज्ञ हैं। अीश्वर त्रिकालिन गुरुओं के भी गुरु हैं; काल से अुन का छेदन-भेदन नहीं हो सकता। अीश्वर का नाम प्रणव (ओम् = ॐ) है। ओम् का सार्थक जप करने से आत्मसाक्षात्कार होता है और अन्तरायों का अभाव हो जाता है।

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :**
**ઓમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ**
૧૨૮, શ્રીકુંજ સોસાયટી, રત્નાપાર્કની પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.
(રજિ. નં. ઈ/૪૪૧૬ તા. ૧૧-૫-૮૧)
આઈ.ટી.ઈ.યુ. ૮૦-જી નં. એચ. ક્યુ. iii
૩૩-૪૩/૮૬-૮૭ માર્ચ ૧૯૮૯ સુધી

**આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા** } પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

**ટ્રસ્ટી મંડળ :**

**ચેરમેન :** ડૉ. સોમાભાઈ એ. પટેલ
**જનરલ સેક્રેટરી :** વજ્રુભાઈ પટેલ
**ખજાનચી :** દેવચંદભાઈ વી. પટેલ
**ટ્રસ્ટી :** રોહીતભાઈ બી. સુખડીયા
દામોદરભાઈ એ. પટેલ
ભારતનભાઈ મર્ચંક
નૈષધભાઈ વ્યાસ

**ટ્રસ્ટના ઉદ્દેશો :**

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતનતત્ત્વ કે જેનું નામ પ્રણવઃ (ઓમ-ॐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર માટે પ્રયત્ન કરવો. (૪) આ [illegible] 'બહુજનહિતાય-બહુજનસુખાય' ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**વાચકમિત્રોને :**

'ઋતમ્ભરા'ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી નૈષધભાઈ વ્યાસ
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

---

**મુદ્રક** : ઉમા પ્રિન્ટર્સ
દરિયાપુર ચારરસ્તા, ટાવર પાસે, અમદાવાદ
**ટાઇટલ** : મોના આર્ટ પ્રિન્ટર્સ, ઓઢવ, અમદાવાદ.
ફોન : ૮૮૭૨૨૩

**મુખપૃષ્ઠ** : શ્રી કિશોરભાઈ મકવાણા

PRINTED BOOK

To,

From :-
ઓમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ,
૧૨૮, શ્રીકુંજ સોસાયટી, રત્નાપાર્કની પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.